R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 29 DATE: 19-07-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે!! ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ઇઝરાયેલે ગાઝાપટ્ટી પર કરેલ હવાઇ હુમલાઓને કારણે લોકો સલામત સ્થળોએ ખસી રહ્યા છે



ઈઝરાયેલ એક અઠવાડીયાથી ગાઝા પટ્ટી પર હવાઈ હુમલાઓ કરી રહ્યું છે. છેલ્લા છ દિવસમાં ઈઝરાયેલે કુલ ૧૪૭૪ હુમલાઓ કરીને આશરે ૧૫૦૦ ટન વિસ્ફોટકો ગાઝા પટ્ટી પર ઝીકીં દીધા છે.ગાઝા પટ્ટ પર વસતા સામાન્ય લોકોની લોહીની નદીઓ વહી રહી છે.અત્યાર સુધીમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧૭૨ લોકોના મોત નિપજ્યા છે. અને હજારો લોકો ધાયલ થયા છે. યુનોના એક આંકડામાં જણાવ્યા મુજબ ૧૭૦૦૦ લોકો યુધ્ધ શરણાર્થી બન્યા છે.આતંકી સંગઠન હમાસ દ્વારા સામી કાર્યવાહી થઈ રહી છે.હમાસે પણ ઈઝરાયેલ પર રોકેટ મારો કર્યો હતો.હમાસ દ્વારા ડ્રોન હુમલા કરાયા હતા.સંયુક્ત રાષ્ટ્રની સલામતિ સમિતિ અને અમેરિકા સહિતના કેટલાક દેશો શાંતિ સ્થાપવા માટે પ્રયત્નો કરી રહ્યા છે.આતંકી સંગઠનો દ્વારા ઈઝરાયેલ વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવે તો તુરત જ ઈઝરાયેલ તેનો જડબાતોડ જવાબ તેના વિરોધીઓને આપેછે.હમાસ જેવા આતંકી સંગઠન દ્વારા ઈઝરાયેલ પર આવો જ એક અટકચાળો કરવામાં આવ્યો અને તેનુ પરિણામ જોઈ શકાય છે.ઈઝરાયેલે શુ ના કરવું જોઈએ એના માટે અનેક લોકો પ્રયત્નશીલ રહે છે પરંત તેમના વિરોધીઓએ શુ ના કરવું જોઈએ તેનું કદી વિચારતા નથી કે તેઓન સલાહ આપત નથી.સીરીયા અને ઈરાકમાં આતંક ફેલાવીને અનેક વિસ્તારો કબજે કરનાર આતંકી સંગઠન આઈએસઆઈએસ ગાઝા પટ્ટીમાં સક્રિય થવાના સમાચારે ઈઝરાયેલ વધુ આક્રમક બન્યું છે.વિશ્વભરના આતંકી સંગઠનો એક બનીને પોતાનો પંચમ લહેરાવવા આતુર છે.યુધ્ધ માત્ર એક માર્ગ નથી.

## ગુજરાતના ૪૪૪ ડેમ અને જળાશયો અત્યંત સંવેદનશીલ સીસ્મીક ઝોનમાં આવેલ છે

દેશમાં૬૭૦ થી વધુ મોટા ડેમ અત્યંત સંવેદનશીલ એવા સીસ્મીક ઝોનમાં આવેલા છે અને તે પૈકીના ૪૪૪ ડેમો ગુજરાતમાં આવેલા છે. જે ઝોન-૪ અને ઝોન-૫ અંતગર્ત આવે છે.લોકસભામાં પુછાયેલ એક પ્રશ્નના જવાબમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી જીતેન્દ્ર સિંહે આ બાબત જણાવી હતી.ભુકંપની સંભાવના વધુ હોય તેવા ઝોનમાં ગુજરાતના ડેમો આવે છે.આવા ડેમોની સંખ્યા ગુજરાતમાં ૪૪૪ની છે. મહારાષ્ટ્રમાં ૧૭૦ જેટલા છે.આ ગુજરાતમાં જ્યારે ધરતીકંપનું સંકટ આવે ત્યારે આવા ડેમો અને જળાશયો મુશ્કેલ પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે.જેથી તેની સારસંભાળમાં ખુબજ ગંભીરતાથી દેખરેખ રખાવી જોઈએ.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## હવે પોસ્ટ ઓફીસ ફ્રેન્કીંગ સુવિધા શરુ કરશે

ઈ-સ્ટેમ્પીંગથી સ્ટેમ્પ ડ્યુટી ભરવાની શરુઆત કરનારુ ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ રાજ્ય છે.આ સુવિધાને કારણે આવકમાં વધારો થવા પામ્યો છે.સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની પ્રક્રિયાને સરળ બનાવવા રાષ્ટ્રીયકૃત બેકો અને સહકારી બેન્કો,અધિકૃત ખાનગી બેકો અને શિડ્યુલ બેકોને ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પ ડ્યુટી ભરવાઅધિકૃત કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.આ માટે ૩૬૪ જેટલા પરવાના આપવામાં આવ્યા છે. હવે પોસ્ટ ઓફિસ દ્વારા પણ ફ્રેન્કીંગ સુવિધા શર કરાશે.મંત્રી નિતીન પટેલે જણાવ્યું હતું કે બોગસ કુલમુખ્યત્યારનામા રોકવા માટે તથા ઈક્વિટેબલ મોર્ગેજના દસ્તાવેજોની નોધણી ફરજીયાત કરવા રજીસ્ટ્રેશન એકટમાં જરુરી ફેરફાર કરવામાં આવ્યા છે. જુનાપુરાણા અને રાજાશાહી વખતના હ્સ્ત લિખિત દસ્તાવેજોની જાળવણી કરવી સૌથી કપરી બાબત છે. પણ આવા રેકોર્ડન ડીજીટલ સ્ટોરેજ કરાય છે.જેમાં તમામ સબ રજીસ્ટારના અંદાજે સવા કરોડ દસ્તાવેજોનું ડીજીટલ સ્ટોરેજ, માઈક્રો ફિલ્મીંગ રોલનું ડીજીટલ સ્ટોરેજ જેવી કામગીરી હાથ ધરાઈ છે.

## સરકારી કામોમાં દસ્તાવેજો સેલ્ફ એટેસ્ટ કરી શકાશે

નાગરિકો માટે મોટી રાહતના સમાચાર આપતાં સરકારે નક્કી કર્યુ છે કે સરકારી કામો માટે ગેઝેટેડ ઓફીસર કે નોટરી પાસેથી એફિડેવીટ મેળવવાના સ્થાને સ્વ પ્રમાણિત )સેલ્ફ એટેસટેડ) દસ્તાવેજો જ ઉપયોગમાં લઈ શકાશે.

રાજયોને આ માટે કેન્દ્ર સરકારે વિવિધ અરજી પત્રકો સાથે સંભવિત રીતે જોડવામાં આવતી એફીડેવીટની હાલની જરુરીયાત અંગે પણ રીવ્યુ કરવાની સલાહ આપી છે અને સ્વ પ્રમાણિત દસ્તાવેજોની પ્રથા શરુ કરવાની સુચના આપી છે.એમ એડમિનિસ્ટ્રેટીવ રિફોમ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સીસ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે એફિડેવીટ મેળવવી એક ઝંઝટવાળું કામ છે. લોકોએ એફિડેવીટ માટે ૧૦૦ થી ૫૦૦ રુપીયાનો ખર્ચ કરવો પડે છે.મોટાભાગના ગેઝેટેડ ઓફીસર્સ પણ પુરતા દસ્તાવેજો ન હોય તો એફિડેવીટ માટે પોતાની અનુમતિ આપતા નથી. ખાસ કરીને ગામડાઓમાં અને દુરના વિસ્તારોમાં સ્થિતિ ખુબ ખરાબ છે.જો રાજ્ય સરકારો સ્વ પ્રમાણિત દસ્તાવેજોના ઉપયોગને પ્રોત્સાહન આપે તો એ લોકો માટે આર્શીવાદરુપ સાબિત થશે.

જો કે કેટલાક મંત્રાલયો અને રાજ્ય સરકારો ત માર્કશીટ ,જન્મ પ્રમાણપત્ર વગેરે માટે સ્વ પ્રમાણિત દસ્તાવેજોનો ઉપયોગ શરુ કર્યો છે. જેમાં ગેઝેટેડ ઓફીસરે એટેસ્ટેડ કોપી દસ્તાવેજોની આપવાની રહેતી નથી.

## એરપોર્ટ પરથી ઇ- વિઝાની શરુઆત થશે,અમદાવાદની શક્યતા

દેશના નવ જેટલા એરપોર્ટ પરથી આગામી છ મહિનામાં ઈ વિઝા(ઈલેકટ્રોનીક ટ્રાવેલ ઓથોરાઈઝેશન)ની સેવા શરુ કરાનાર છે. જેમાં અમદાવાદ એરપોર્ટનો સંભવિત એરપોર્ટમાં સ્થાન મળવાની શક્યતાઓ છે.આ જાહેરાતથી ટુરીઝમનો વ્યાપ વધશે અને વિદેશી પર્યટકોની સંખ્યામાં ૨૦ ટકા જેટલો વધારો થાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

આ સેવાને લીધી વિવિધ દેશોમાંથી ભારતમાં આવનારા પર્યટકોની સંખ્યામાં વધારો થશે.ઈ વિઝા અને વિઝા ઓન એરાઈવલ બે ભિન્ન પ્રકારની સેવાઓ છે. ઈ વિઝા એ એક પ્રકારની ઈ ટીકીટ જેવું છે. ઈ વિઝામાં ઓનલાઈન વિઝા એપ્લીકેશન કરવાની હોય છે. અને વિઝાનું કન્ફર્મેશન પણ ઓનલાઈન મળતું હોય છે.જેની પ્રિન્ટ આઉટ સાથે પર્યટક મુસાફરી કરવાને લાયક ગણાય છે.લાંબી દસ્તાવેજી પ્રકીયામાંથી મુક્તિ મળશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

દેશની બહુમતીએ ચુંટાયેલ ભારતીય જનતા પાર્ટીની સરકારે રજુ કરેલ પ્રથમ બજેટ પહેલાં, તેમજ ચુટણીઓ દરમિયાન પ્રજાને જાહેરમાં આપેલ વચનોની ભરમાળ બાદ,બજેટમાં એવી કોઈ પણ બાબત દેખાઈ નહી કે જેનાથી અકલ્પનીય બહુમતી આપનાર મતદારોને ખુશ કરી શકાય તેવું કોઈપણ કારણ દેખાયું નહિ.મતદારો એવી અપેક્ષા રાખી રહ્યા હતા કે દેશના ગરીબ અને મધ્યમવર્ગી લોકોની આંતરડી ઠારે તેવી કોઈક બાબતોને લઈને તેમને મોંઘવારીના ચક્કરમાંથી બહાર કાઢી શકાય તેવી યોજનાઓ બજેટમાં દેખાશે.પરંતુ તે માત્ર સ્વપ્ન જેવું જ રહ્યું. હા, મુડીપતિઓને ફાયદા થાય તેવી બાબતો દેખાઈ છે.મધ્યમવર્ગની આવક પર થોડો ઘણો વેરો ઓછો કરવાનો આછકડો પ્રયાસ કર્યો છે.નાણામંત્રી જેટલી પાંચ લાખની મર્યાદામાં આવકવેરામાં આવરી લેવાય કે તે સુધી છુટછાટ શક્ય બને તેવી વિચારધારામાં માનતા હતા તે પણ ભુલાઈ ગઈ.થોડુક બટકું નાખવું પડે તેમ સામાન્ય લોકોને રીઝવવા માટે આવક મર્યાદાના સ્લેબમાં થોડો ફેરફાર કર્યો છે. બજેટનું જે ઉમળકાભેર શેરબજાર સ્વાગત કરે તેવું બન્યું નહી,અને બજારનો આંક નીચે ઉતર્યો.સારા બજેટની અસરો શેરબજાર ઉપર તુરતજ વર્તાઈ આવે છે. પરંતુ તેવી કોઈ અસરો દેખાઈ નહી.હા, થોડા ઘણા લોકો જેઓ સરકાર તરફી વલણ ધરાવે છે તેઓએ બજેટને સારુ કહેવડાવવાનો પ્રયત્ન કર્યો છે.

## કેન્દ્ર સરકાર તરફથી રજુ થયેલ સામાન્ય બજેટમાં કશું અસામાન્ય દેખાયું નહી.બજેટમાં ન તો ખુશ થવા જેવું કે ન તો અફસોસ કરવા જેવું છે

## મંતવ્ય

બાબા રામદેવના સહયોગી અને ભાજપના સમર્થક મનાતા એવા એક પત્રકાર વેદ પ્રતાપ વૈદિકે,અમેરિકાએ જેને આતંકવાદી જાહેર કરીને તો માથા પર લાખો ડોલરનું ઈનામ જાહેર કરેલ છે તેની મુલાકાત કરી.૨૬-૧૧ના હુમલામાં માસ્ટર માઈન્ડ ગણાતા હાફિઝ સઈદની સાથેની મુલાકાતે દેશભરમાં હોબાળો મચાવ્યો છે.આ ઉપરાંત  વેદ પ્રતાપ વૈદિકે પાકિસ્તાન ન્યુઝ ચેનલ ડોન ન્યુઝને આપેલ મુલાકાતમં કાશ્મીરની આઝાદીની તરફદારી કરી.વધુમાં તેમણે ઉમેર્યું કે પાકિસ્તાન જો સંમત થાય તો કાશમીરની આઝાદીમાં કોઈ ખરાબી નથી.વિગેરે વિગેરે તેમણે કહ્યુ.સંસદમાં વિદેશમંત્રી વિગેરે આ બાબતે સરકારનો મત પણ રજુ કર્યો.આરએસએસ તરફથી વેદ પ્રતાપનો બચાવ કરવામાં આવ્યો.

સવાલ એ નથી કે વેદ પ્રતાપ વૈદિકે જે કર્યું તે ખોટુ હતું કે ખરુ હતું.પરંતુ જ્યારે સરકારે ચુંટણી વખતે જે ચાલ ચાલી હતી તે પ્રમાણે કલમ ૩૭૦મી કલમ રદ કરવાની મોટે મોટેથી ગર્જના કરી હતી.સંસદમાં આવી કોઈ દરખાસ્ત નથી એવું પણ સરકાર કબુલી ચુકી છે.પરંતુ ખરેખર સરકાર લોકોને અંધારામાં રાખીને કંઈક એવું કરવા માટેનો પ્લાન ઘડી ચુકી છે.જેનું મહોરુ આ વેદ પ્રતાપ છે.સરકાર એવું શું કરવા માગે છે.કે જેથી તેના ઈરાદાઓ શકના ઘેરામાં આવી જાય. માત્ર ને માત્ર શિવસેનાએ આ બાબતે પોતાનો સાચો વિરોધ પ્રદર્શિત કર્યો છે. કોગ્રેસ પાસે તો કોઈ બાબતે વિરોધ કરવો એટલો જ વિકલ્પ બાકી રહ્યો છે બાકી તેમની પાસે હાલમાં કોઈ કામગીરી રહી નથી.

મહેશ એચ.મકવાણા


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## મોદી સરકારે રેલ બજેટમાં ગુજરાતને બુલેટ ટ્રેઇનની ફાળવણી કરી

કેન્દ્ર સરકારના ૨૦૧૪-૧૫ના રેલ બજેટમાં ગુજરાતને સહુ પ્રથમ બુલેટ ટ્રેઈનની ફાળવણી કરાઈ.રેલ્વે માટે આવક ઉભી કરવા માટે વિદેશી સીધા રોકાણની દરખાસ્ત કરવામાં આવી.તેમજ જાહેર અને ખાનગી ભાગીદારીના માર્ગે સંસાધનો ઉભા કરવાનો માર્ગ અપનાવાયો છે.મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનની મહત્વાકાંક્ષી જાહેરાત રેલ મંત્રી સદાનંદ ગૌડાએ કરી હતી. આ સાથે સરકારે હાઈસ્પીડ ટ્રેનની દિશામાં આગળ વધશે તેવા સંકેતો આપી દીધા છે.એજ રીતે દેશના મહ્ત્વના શહેરોને જોડતું હાઈસ્પીડ ટ્રેનનું ડાયમંડ ક્વોડ્રિલેટરલ નેટવર્ક સ્થાપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.જેમાં નવ રુટ પસંદ કરવામાં આવ્યા હતા. મુંબઈ-અમદાવાદ,દિલ્હી-આગ્રા,દિલ્હી ચંદીગઢ,જેવા રુટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દિલ્હી-કાનપુર, નાગપુર-બિલાસપુર,મૈસુર-બેગલોર-ચેન્નાઈ, મુંબઈ-ગોવા,ચૈન્નાઈ - હૈદ્રાબાદ અને નાગપુર - સિકંદરાબાદમા ૧૬૦થી ૨૦૦ કી.મી.ની ઝડપે ટ્રેનો દોડાવાશ.રેલ મંત્રીએ આ હાઈસ્પીડ પ્રોજેકટ માટે ૧૦૦કરોડની ફાળવણી કરી છે.જો કે આ ફંડમાંથી કેટલા કી.મી.ટ્રેનો દોડી શકશે તે હજુ સમજાય તેમ નથી.

## સ્વીસ બેંકોમાં નાણાં ધરાવતાં ભારતીયોની યાદી નથી : નાણાં મત્રીશ્રી જેટલી

રાજ્યસભામાં આપવામાં આવેલ માહીત મુજબ ભારતને ચાર દિવસ પહેલાં જાણ કરવામાં આવી છે કે સ્વીસ બેંકોમાં તેમના પોતાના નામે કે માળખાઓ મારફત અસ્ક્યામતો ધરાવતાં હોય તેવા ભારતના રહેવાસીઓની કોઈ યાદી નથી.આમ હવે વિદેશોમાં કાળા ધન વાપસ લાવવાની જોરશોરથી જાહેરાત કરનાર હાલની સરકારની પીછેહઠ થઈ છે.જો કે સરકારે જણાવ્યું છે કે સ્વીસ નેશનલ બેંકે તેના વેબસાઈટ પર જણાવ્યું છે કે તેમની બેંકોમાં ભારતીયોની કુલ જમા રકમ ૨૦૧૩ના અંતે એના એક વર્ષ અગાઉના રુ.૮૫૪૭ કરોડથી ઘટીને આશરે ૧૪૧૦૦ કરોડ થઈ છે.શાંતારામ નાઈકને મોકલેલા એક લેખિત જવાબમાં કેન્દ્રીય નાણાં મંત્રી શ્રી અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે આ વર્ષના ૨૩ જુને સરકારે સ્વીસ સત્તાવાળાઓને લિખિતમાં આ અંગે માહીતી માંગી હતી.શ્રી જેટલીએ ઉમેર્યું હતું કે ભારતીયો સ્વીસ બેકમાં મોટાપાયે નાણાં જમા કરાવી રહ્યા છે તેમ મીડીયામાં છપાયા બાદ તેમણે આ પત્ર લખ્યો હતો.જેમાં ડાયરેક્ટ ટેક્સ એવોઈડેન્સ કન્વેન્શન આર્ટ ૨૬ની જોગવાઈઓ હેઠળ માહીતી મંગાઈ હતી.અગાઉ કેન્દ્ સરકારે એવી જાહેરાત કરી હતી કે તેમને સ્વીસ સરકારે ભારતીય લોકોના કાળા નાણાંની વિગતો આપવા સંમતિ આપી હતી.

## દેશના નાગરિકોને નેશનલ આઇ કાર્ડ અપાશે

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જાહેરાત કરી છે કે દેશના નાગરિકોને નેશનલ આઈ કાર્ડ આપવામાં આવશે.કેન્દ્ર સરકાર નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર તૈયાર કરી રહી છે. જે અંતગર્ત દરે સત્તાવાર ભારતીય નાગરિકને આઈડેન્ટીટી કાર્ડ, ચોક્કસ મર્યાદામાં આપવામાં આવશે.લોકસભામાં એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે આ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે આપણે ભારતનો નાગરિક કોણ છે અને કોણ નથી એ જાણવું પડશ.ભારતીય નાગરિકને ઓળખવા માટે પગલાં ભરવામાં આવશે.વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં એનપીઆર અને યુનીક આઈડેન્ટકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયા સાથે મળીને કેવી રીતે કામગીરી કરી શકે તે બાબતે ચર્ચા કરી હતી.તેના આધારે આ એક સર્વગ્રાહી ડેટા તૈયાર કરવા માટે સુચનાઓ આપવામાં આવી છે.એનપીઆઈ સમય મર્યાદામાં રહીને પુર્ણ કરવામાં આવશે.એનપીઆઈ ભારતીય નાગરીક કોણ છે અને કોણ નથી તેની જેન્યુઈન ઓળખ આપશે.તે પછી તમામ ભારતીય નાગરિકોને જ આ કાર્ડ આપવામાં આવશે.યુપીએ સરકારે યુઆઈડીનો કાર્યક્રમ આ જ દિશાનો હતો.પરંતુ સરકાર બદલાતાં તેમાં ફેરફારો થયા છે.

તેમણે જણાવ્યું હતુ કે કેન્દ્ર સરકારે દેશમાં થતી ગેરકાયદે ઘુસણખોરી અટકાવવા માટે સંખ્યાબંધ પગલાં ભર્યા છે.બાંગ્લા દેશની સરહદ પરની ૪૦૯૬ કી.મી.લાંબી ફેન્સીંગની કાર્યવાહી પર્ણ થઈ ગઈ છે.અન્ય ૫૦૦ કી.મી. પર કામગીરી જારી છે.

હાલ,ભારતમાં સાઈઠ વર્ષથી વધારે ઉમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),
અમદાવાદ.૮
ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,
અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા
રાયખડ,અમદાવાદ.૧

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

# બજેટમાં કરવામાં આવેલ જોગવાઇઓ પર બારીક નજર

દેશમાં જેની આતુરતાપુર્વક રાહ જોવામાં આવતી હતી તે મોદી સરકારનું પ્રથમ બજેટ સંસદમાં રજુ કરવામાં આવ્યું.બજેટમાં એવું ખાસ નથી કે જેને આપણે માસ્ટરપીસ કહી શકીએ, તો તેને સાવ ફિક્કું પણ ન કહી શકાય.ઔદ્યોગિક વિકાસ,રોજગારી સર્જન અને મુડીરોકાણના માહોલને સુધારવાની સાથે મોંઘવારીથી પીડાતી જનતાને યથાશક્તિ રાહત આપવાની કોશીશ કરી છે.મધ્યમવર્ગને ઇન્કમટેક્ષમા મામુલી રાહત આપી છે.જીવનજરુરીયાતની કેટલીક ચીજવસ્તુઓ પર વેરા ઘટાડાયા છે.તમાકુ અને તમાકુની બનાવટો મોંઘી કરી છે.પરંતુ બજેટની કેટલીક બાબતોમાં કરવામાં આવેલ જોગવાઇઓમાં ફાળવાયેલ નાણાં તે માટે પુરતાં નથી.બજેટની કેટલીક યોજનાઓ એવું લાગે છે કે મજાક કરાઇ હોઇ તેવું લાગે છે.

૧.અમદાવાદ અને લખનૌમાં મેટ્રો પ્રોજેક્ટ માટે ૧૦૦ કરોડ રુપીયાની ફાળવણી કરવામાં આવી છે.એટલે કે બે શહેરોને ૫૦-૫૦ કરોડ રુપીયા ફળવાશે.વાસ્તવિકતા એ છે કે દિલ્હીમાં મેટ્રો ટ્રેન નંખાઇ ત્યારે તેનો સરેરાશ ખર્ચ જ દર કીલોમીટરે ૨૦૪ કરોડ રુપીયાનો આવ્યો હતો.

૨.મહિલાઓની સુરક્ષા મામલે બહુ ગાજવીજ કરનાર ભાજપની મોદી સરકારે મહિલા સલામતી માટે રચાયેલા નિર્ભય ફંડમાં માત્ર દોઢસો કરોડ ફાળવ્યા છે.ગયા વર્ષે નિર્ભય ફંડ માટે બજેટમાં ૧૦૦૦કરોડ ફાળવાયા હતા.

૩.નેશનલ રુરલ ડ્રિન્કિંગ વોટર(ગામડામાં પીવાના પાણી) માટે મોદી સરકારે ૩૬૦૦ કરોડ રુપીયાની ફાળવણી કરી છે.ગયા વર્ષે ભુતપુર્વ નાણામંત્રી શ્રી ચિદમ્બરે આ યોજના માટે ૯૮૫૦ કરોડ રુપીયાની ફાળવણી કરી હતી.ગામડાની બાકીની યોજનાઓમાં મોદી સરકારે સીધો ૬૩ ટકાનો કાપ મુક્યો છે.

૪. મોદી સરકારે ભણેલાને ય ઉઠા ભણાવી જાય તેવી ફાળવણી કરી છે. પાંચ આઇઆઇએમ અને પાંચ આઇ આઇટી માટે ૫૦૦ કરોડ ફાળવ્યા છે.મતલબ એ થયો કે આ દરેક પ્રતિષ્ઠિત સંસ્થા માટે ૫૦ કરોડ રુપીયાની ફાળવણી કરાઇ છે.આટલા નાણાંમાં સંસ્થા માટે જમીન પણ ખરીદી ન શકાય.

૫.આઇઆઇટી, આઇઆઇએમ જેમ જ ૪ નવી એઇમ્સ સ્થાપવાનું મોદી સરકારે બજેટમાં વચન આપ્યું છે.અને તેના માટે ૫૦૦ કરોડ રુપીયાની ફાળવણી કરી છે.મતલબ એ થયો કે દરેક ઓલ ઇન્ડીયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેડીકલ સાયંસિસ મટે ૧૨૫ કરોડ રુપીયા. આટલા રુપીયામાં ઇન્સ્ટિટ્યુટ માટે જમીન પણ ન મળી શકે.

૬.સ્માર્ટ મોદીનું સ્માર્ટ બજેટ ૧૦૦ સ્માર્ટ સીટી માટે ૭૦૦૦ કરોડ ફાળવાયા છે.મતલબ કે દરેક સ્માર્ટ સીટી માટે ૭૦ કરોડ રુપીયા.૭૦ કરોડ રુપીયામાં તો એક ફ્લાયઓવર પણ બાંધી ન શકાય.

૭. સિંચાઇ માટે ૧૦૦૦ કરોડના બજેટમાં ફાળવણી કરાઇ છે.માત્ર ગુજરાતની જ વાત કરીએ તો તેની સિંચાઇ માટેની ફાળવણી ૧૩૦૦૦ કરોડ રુપીયા જેટલી છે.

૮.નરેન્દ્ર મોદી અને અરુણ જેટલીની ડિમાન્ડ હતી કે ડિફેન્સમાં ૧૦૦ટકા એફડીઆઇની છુટ આપવામાં આવે અને આવકવેરાની મુક્તિમર્યાદા પાંચ લાખ કરાય. નાણામંત્રી તરીકે બજેટ રજુ કરતાં તેમણે પોતાની જ માંગણીમાં ૫૦ ટકા કાપ લાવી દીધો. ડિફેન્સમાં ૪૯ ટકા એફડીઆઇનો પ્રસ્તાવ મુકશે. આવકવેરાની મુક્તિ મર્યાદા ૨.૫ લાખ સુધી જ કરી શક્યા.

૯.નરેન્દ્ર મોદી અને અરુણ જેટલી બંન્ને કાશ્મીરી પંડિતો પ્રત્યે ખાસ્સી સહાનુભુતિ વ્યક્ત કરતા રહ્યા છે.જેટલીના બજેટમાં કાશ્મીરી પંડિતોના પુનઃવસન માટે ૫૦૦ કરોડની ફાળવણી કરાઇ છે. શ્રી મનમોહનસિંહે ૨૦૦૮માં કાશ્મીરી પંડિતો માટે ૧૬૦૦ કરોડની ફાળવણી કરી હતી..કાશ્મીરી પંડિતોના પુનઃવસન માટે ખરેખર જરુર છે વીસ હજાર કરોડની,ત્યાં ૫૦૦ કરોડની ફાળવણીથી ક્યું પુનઃવસન થવાનુ છે.

૧૦.બજેટ પેશ કરતી વખતે અરુણ જેટલીએ ચાલુ વર્ષે રાકોષિય ખાદ્ય જીડીપીના ૪.૧ રહેશે એમ કહ્યું હતુ.યુપીએ સરકારના ઇન્ટરીમ બજેટમાં પણ આ જ ફીગર અપાયો હતો.પરંતુ બજેટની રજુઆત પછીની ચર્ચા દરમિયાન રાજકોષિય ખાદ્યનો અંદાજ જીડીપીના ૪.૫ હોવાનું જણાવ્યું હતું.તેમના આ બે ભિન્ન આંકડાથી માર્કેટમાં ઉથલ પાથલ સર્જાઇ હતી.જોકે બોન્ડ માર્કેટના ખેલાડીઓનું કહેવું છે કે ૪.૫ ટકાનો આંક નાણા પ્રધાન ભુલથી બોલી ગયા હોવા જોઇએ ! નજીકના ભવિષ્યમાં આ બજાર ઘટવાના સંકેત મળે છે.જાણકારોનુ કહેવુ છે કે આ બજેટ બહેતરીન નથી.

પર્સનલ ઇન્કમ પર લાગતા ટેક્સની મુક્તિ મર્યાદા બે લાખની વધારીને અઢી લાખ કરવામાં આવી છે તેવીજ રીતે સિનિયર સીટીઝન માટે આ મર્યાદા ૨.૫ લાખથી વધારીને ત્રણ લાખ કરવામાં આવી છે.

હોમલોનના વ્યાજ પર રાહત વધી છે.ઇન્કમટેક્ષની કલમ ૨૪ પ્રમાણે અત્યારસુધી લોકોને હોમલોનના વ્યાજ પર દોઢ લાખ સુધી મુક્તિ મર્યાદા આપવામાં આવી હતી.આ વર્ષથી તેમાં વધારો કરીને મર્યાદા ૨ લાખની કરવામાં આવી છે.

( સૌ. સંદેશ.)

# બોકો હરામ આતંકી સંગઠને અપહરણ કરાયેલ કન્યાઓના બદલે આતંકીઓને છોડી મુકવા ઓફર મુકી

બોકો હરામના લીડર અબુ બકર સીકાઉએ અપહરણ કરાયેલ નાઇજીરીયન સ્કુલગર્લના બદલામા કેટલાક આતંકી ગુનેગારોને છોડવાની શરત મુકી.વિશ્વ ભરમાં ચકચાર મચાવી ચુકેલ નાઇજીરીયન સ્કુલગર્લના અપહરણનો કેસ છે.હજુ સુધી આ અપહરણ કરાયેલ છોકરીઓને ક્યાં રાખવામાં આવી છે તેની ભાળ મળી નથી.પરંતુ આ અપહરણ કરાયેલ છોકરીઓ પૈકીની એક છોકરી ભાગી છુટી હતી અને તેણીએ તેની સાથે થયેલ વર્તનની માહીતી આપી હતી.તેણીએ જણાવ્યું હતું કે તેણી ઉપર દિવસમાં ૧૫ વખત જુદા જુદા વ્યક્તિઓ દ્વારા બળાત્કાર ગુજારવામાં આવતો હતો.એક સામાજીક સેવક જે આ બાબતે કાર્ય કરી રહ્યા છે તેમણે કહ્યુ હતું કે બોકો હરામની જાળમાંથી નાસી છુટેલ છોકરીને બંધક અવસ્થામાં અનેક વખત જુદા જુદા વ્યક્તિઓ દ્વારા તેમની પર કરાયેલ બળાત્કાર સહન કરવો પડ્યો હતો તેવું તેમણે નાઇજીરીયન મીડીયાને જણાવ્યું હતું.તેણી આ બાબતની વાત કરવી એ જ તેણી માટે કઠીન હતું. પરંતુ તેણીએ આ કબુલ્યુ હતું કે તેણી પર દિવસમાં ૧૫ વખત,પંદર અલગ અલગ વ્યક્તિઓએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.તેણી ઇસ્લામીક આતંકીના કબજામાં હતી અને ત્યાંથી તે નાસી છુટી હતી.

જેઓ બોકો હરામની પ્રવૃત્તિઓથી વાકેફ છે તેમને આ બધી બાબતોની જાણ છે જ.બોકો હરામ આતંકી ગ્રુપની સ્થાપના ૨૦૦૯માં કરવામાં આવી હતી. તેઓ અલ-કાયદાની બીલકુલ નજીદીકી સબંધ ધરાવે છે.અને તેઓ આ વર્ષે ૨૦૦૦ લોકોની કરવામાં આવેલ કતલના જવાબદારો છે.ચીબોક ખાતે અપહરણ કરાયેલ છોકરીઓ અને મહિલાઓ પૈકીની ૧૮૦નો હજુ સુધી પત્તોજ મળ્યો નથી.૧૪ એપ્રિલે આ અપહરણનો બનાવ બન્યો હતો.અપહરણ કરાયેલ સ્કુલની છોકરીઓને બંધક બનાવવા પાછળનો હેતુ એવો લાગે છે કે બોકો હરામ તેમના પકડાઇ ગયેલા અને જેલવાસ ભોગવી રહેલા સાથીઓને તેમના બદલામાં છોડાવા માંગે છે.હજુ સુધી થયેલ તમામ વાટાઘાટો નિષ્ફળ ગઇ છે.તેથી આ અપહરણ કરાયેલ છોકરીઓને છુટવાની કોઇ આશા પેદા થઇ નથી.બોકો હરામના લીડર અબુબકર શીકાઉએ જાહેર કર્યું છે કે અપહરણ કરાયેલ છોકરીઓ માંની જે ખ્રિસ્તી છોકરીઓ છે તેમનું ધર્મ પરિવર્તન કરીને તેમને ઇસ્લામ ધર્મમાં સામેલ કરી દેવાઇ છે.

ખાસ એક પ્રકારનો સંદેહ સહુને સતાવી રહ્યો છે તે એ છે કે આ આતંકવાદીઓ આ છોકરીઓને તેમના જાતિય સંતોષ માટે ગુલામ બનાવવવા માંગે છે.તેમજ તેમનો ઉપયોગ તેમના દૈનિક જીવનની કાર્યવાહીમાં કરવા માંગે છે.ભુતપુર્વ યુકે પ્રાઇમ મીનીસ્ટર ગોર્ડન બ્રાઉન,તેઓ નાઇજીરીયાના પ્રવાસે આવ્યા હતા.યુએન સ્પેશીય કોન્વોય દ્વારા આ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે તેઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જો કે હાલમાં એવી જરુરીયાત ઉભી થઇ છે કે વિશ્વના તમામ ધાર્મિક આગેવાનો આ બાબતે પોતાના વિચારો સ્પષ્ટ કરે અને જણાવે કે કોઇપણ છોકરીનું વેચાણ થાય નહિ કે તેનો સેક્સ ગુલામ તરીકે ઉપયોગ થાય નહી તેવું ઇસ્લામમાં નિષેધ છે તેવું સ્પષ્ટતા પુર્વક પાલન કરવા જણાવે.

## જાણવા જેવું !

અમેરીકાનું રાષ્ટ્રીય પક્ષી સફેદ માથાવાળું ગરુડ (બોલ્ડ ઇગલ)છે.
સિંગાપોરમાં એક વાનર મલાયી ભાષાના લગભગ ત્રીસ શબ્દો જાણે છે.
આ વાનરને મલાયી ભાષામાં જે ઝાડનું નામ કહો તે ઝાડનું ફળ તરતજ ભુલ વગર તોડી લાવે છે.
કાચબો માથુ કપાયા બાદ ચોવીસ કલાક જીવે છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



## નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ,નડીયાદ.૨
શ્રી.એસ.કે.અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી,નડીયાદ.૨



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૨૩૯૬



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## કેનેડાએ ઇમિગ્રેશનના નિયમો હળવા કર્યા

અમેરિકામાં ટેક વિઝા મેળવવાનુ ભારતીયો માટે ભલે કઠીન બન્યુ હોય પ હવે તેમના માટે કેનેડા નવું સ્થળ બની ગયું છે. ભારતીય ટેક ઉદ્યોગસાહસિકો અને વેન્ચર કેપટલીસ્ટ મટે કેનેડાએ સરળતા કરી આપી છે.

કેનેડાના ઈમીગ્રેશન મિનિસ્ટર ક્રિસ એલેકઝાંનડરે જણાવ્યું હતું કે અમે યુવા પ્રતિભાશાળી ટેકનોલોજી નિષ્ણાંતોને કહી રહ્યા છીએ કે જો તેઓ કેનેડીયન વેન્ચર કેપીટલ મેળવે અથવા તેમને સાથ આપનાર રોકાણકાર મેળવો છો તો અમે તેમને પરમેનન્ટ રેસીડેન્સ વિઝા આપીશું. આવી ઓફર વિશ્વમાં કોઈએ આપી નથી.આ એક પ્રાથમિક પ્રોજેક્ટ છે અને અમારી પાસે બસો જેટલી અરજીઓ આવી ચુકી છે.

આ ઉપરાતં તમે જો પોતે રોકાણકાર હો તો કેનેડામાં પરમેનન્ટ રેસીડેન્સી સરળ બની રહેશે. જો કોઈ ભારતીય કંપની ખરીદવા ઇચ્છે છે તો તેમને આવકાર્ય છે.કેનેડા ભાર જેવા દેશોમાં ઈમિગ્રેન્ટસ માટે આર્કષક સ્થળ છે. તેમણે કહ્યુ હતું કે અમે ઈમીગ્રેશ દ્વારા સફળતા પ્રાપ્ત કરી છે.

તેમણે કહ્યુ હતું કે અંગ્રેજી શિક્ષણ અને કૌશલ્ય જેવા અનેક કારણોસર ભારતીયોને કેનેડા આવકારનો સ્કોર ઘણો ઉચો રહે છે. અમારે ત્યાં આવતા લોકો મોટાભાગે ચીન, ભારત અને ફિલીપાઈન્સના હોય છે.૨૦૧૩માં ૩૩૦૦૦ ભારતીયો કેનેડા આવ્યા હતા.

તેમણે ઉમેર્યુ હતું કે નવો વિઝા પ્રોસેસીંગ પ્રોગ્રામ પણ ભારતના વિઝિટર્સ માટે શરુ કર્યો છે. જેનું નામ કેનપ્લસ પ્રોગ્રામ છે.ભારતીયો કે જેઓ કેનેડા કે અમેરિકાની છેલ્લા ૧૦ વર્ષમાં મુલાકાત લઈ ચુક્યા હોય તેઓના વિઝાની ઝડપી પ્રોસેસીંગ આ પ્રોગ્રામ અંતગર્ત કરવામાં આવશે.

## સ્વીત્ઝર્લેન્ડમાં ફેક કરન્સીમાં રુપીયો ત્રીજા ક્રમે

સ્વીત્ઝર્લેન્ડમાં વિદેશી ફેક કરન્સીમાં રૂપિયાને ત્રીજો ક્રમ આપવામાં આવ્યો છે. ગત વર્ષે ઝડપાયેલ ફેક કરન્સીના આંકડાના આધારે આ યાદી તૈયાર કરવામાં આવી હતી. જે મુજબ યુરો અને ડોલરમાં સૌથી વધુ ફેક કરન્સી ઝડપાઈ હતી.જ્યારે રૂપિયો ત્રીજા ક્રમે રહયો હતો. સ્વિત્ઝર્લેન્ડ ફેડરલ ઓફ પોલીસ દ્વારા જારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૩માં અનેક વિદેશી ફેક કરન્સી ઝડપાઈ હતી.જેમાં ૨૩૯૪ યુરો ફેક નોટ્સ ઝડપાઈ હતી. જ્યારે ૧૧૦૧ ફેક યુરો ડોલર બિલ્સ ઝડપાયાં હતા. જ્યારે ૪૦૩ ફેક ભારતીય નોટ્સ ઝડપાઈ હતી. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે વિદેશી ફેક કરન્સીમાં યુરો પ્રથમ ક્રમે, યુરો ડોલર બીજા ક્રમે અને રૂપિયો ત્રીજા ક્રમે છે.જો કે વર્ષ ૨૦૧૨માં રૂપિયો વિદેશી ફેક કરન્સીમાં બીજા ક્રમે હતો. આ આંકડો ૨૦૧૩ના વર્ષમાં ઘટ્યો હતો. પ્રાપ્ત આંકડા મુજબ વર્ષ ૨૦૧૨માં ભારતીય બનાવટી નોટ્સ ઝડપાઈ હતી તેની સંખ્યા ૨૬૨૪ હતી.જ્યારે ડોલર ૫૨૮૪ અને યુરોની સંખ્યા ૨૦૮૪હતી. આમ વર્ષ ૨૦૧૨માં ભારતીય બનાવટી નાણાં ઝડપાયાં તેના કરતાં વર્ષ ૨૦૧૩માં ફેક ભારતીય કરન્સી ઓછી હતી.

## ૧૫મી ઓગષ્ટથી સરકાર હિંદી ડોમેન નામ લોન્ચ કરશે

૧૫મી ઓગષ્ટ એટલે કે સ્વાતંત્ર દિવસથી હવે તમે બ્રાઉઝર પર હિંદી(દેવનાગરી)માં વેબસાઈટનું નામ લખીને તેને જોઈ શકશો.ડીપાર્ટ.ઓફ ઈન્ફર્મેશન એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સ્વાતંત્ર દિને હિંદી ભાષા ડોમેન નેમ લોન્ચ કરશે.જેનાથી ગ્રામ અને દુર-સુદુરના વિસ્તારોમાં ઈન્ટરનેટની પહોચ વધશે.સરકાર તરફથી હિંદીમાં ઈન્ટરનેશનલ ડોમેન નેમ્સ(આઈડીએનએસ) લાગુ કર્યા બાદ પીએમઓની વેબસાઈટ(પ્રધાનમંત્રી,ભારત) લખીને જોઈ શકશો.નેશનલ ઈન્ટરનેટ એક્સચેન્જ ઓફ ઈન્ડીયાના ચીફ એક્ઝી.ગોવિંદે જણાવ્યું હતુ કે આ સ્વાતંત્ર દિને ભારતને દેવનાગરી લીપીની સ્કીપમાં લોન્ચ કરવાનો પ્રસ્તાવ છે.આનાથી દેશના ૫૦ કરોડ હિંદીભાષીને લાભ થશે.૦


### ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## રાજ્યના ગૃહ વિભાગે લાલ બત્તી અંગે માર્ગદર્શિકા જાહેર કરી

રાજયના ગૃહવિભાગે સેન્ટ્રલ મોટર વ્હીકલ એકટ ૧૯૮૯(નિયમ ૧૦૮)ની જોગવાઈઓ અનુસાર સરકારી ગાડીઓ પર લાલબત્તી લગાવવા અંગે માર્ગદર્શિકા જાહેર કરી હતી તે નીચે મુજબ છે.

ફલેશર સાથે લાલબત્તી : રાજયપાલ,મુખ્યમંત્રી, કેબીનેટ મંત્રીઓ, રાજયમંત્રીઓ,નાયબ મંત્રીઓ,વિધાનસભાના સ્પીકર, વિધાનસભામાં વિરોધપક્ષના નેતા, ચીફ જસ્ટીસ હાઈકોર્ટ, મુખ્યમંત્રીના પ્રિન્સીપાલ સેક્રેટરી, અધિક પ્રિન્સીપાલ સેક્રેટરી, સચિવાલય, મુખ્ય સચિવ, પ્રિન્સીપલ સેક્રેટરી (ગૃહ),પ્રિન્સીપાલ સેક્રેટરી (ટ્રાન્સપોર્ટ,ગૃહવિભાગ) પ્રિન્સીપાલ સેક્રેટરી (એપ્લોઇઝ, જીએડી)

ફલેશર વગર લાલબત્તી : ગર્વનરની પાઈલોટ કાર,મુખ્યમંત્રીની પાઈલોટ કાર,વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર, ગુજરાતના લોકાયુક્ત,નર્મદા નિગમના ચેરમેન,એમ્બ્યુલન્સ-ફાયર-ફાઈટર, ચેરમેન, જીપીએસી, જીએસડીએએની કોમ્યુનીકેશન વાન, રાજ્ય મુખ્ય ચુંટણી પંચના કમિશ્નર.

ઉપરોકત માર્ગદર્શિકા જાહેર કરાયા બાદ તથા કોર્ટના આદેશનું પાલન કરાવતાં રાજ્ય સરકારે સરકારી વાહનો પરથી લાલ,પીળી લાઈટો ઉતરાવી લેવડાવી હતી. પરિણામે ઈમરજન્સી સેવામા તૈનાત પોલીસવાનના રિસ્પોન્સ ટાઈમમાં મોટો ફેરફાર દેખાઈ રહ્યો છે.આથી રાજ્ય પોલીસ દ્વારા ગૃહ વિભાગને આ સેવાઓ માટે રુફટોપ પર ખાસ પ્રકારની લાઈટ રાખવાની અનુમતી આપવા ભલામણ કરાઈ હતી.વરિષ્ઠ પોલીસ અધિકારીઓ રિસ્પોન્સ ટાઈમમાં થઈ રહેલ ગરબડના કારણે એકઠા મળ્યા હતા અને તેનો હલ શોધવા માટે કવાયત હાથ ધરી હતી. જો કે પીળી અને લાલ લાઈટના દુરપયોગ એટલો બધો વધી ગયો હતો કે તેના પર રોક લગાવવી જરુરી હતી.હાલમાં પડી રહેલ મુશ્કેલીઓનો હલ નીકળશે પરંતુ જે લેભાગુ ઉપયોગ કરતા હતા તે બંધ થઈ શકશે.

## ગાંધીજી જ્ઞાતિવાદી હોવાનો આરોપ લેખિકા અરૂંધતિ રોયે મુક્યો હતો

બુકર પ્રાઈઝ વિજેતા લેખિકા અરૂંધતિ રોયે મહાત્મા ગાંધી પર જ્ઞાતિવાદી હોવાનો આક્ષેપ મુક્યો હતો. આવા આરોપ તો તેમણે પહેલા પણ મુક્યા જ હતા પણ આ વખતે તેનાથી આગળ વધીને નિવેદનો આપ્યા હતા.કેરળ યુની.માં મહાત્મા અય્યંકાલી સ્મૃતિ વ્યાખાનમાળા દરમિયાન તેમણે જણાવ્યું કે જે સંસ્થાઓએ ગાંધીજીના નામે પોતાનું નામ રાખ્યું છે તેમણે હવે નામ બદલી નાંખવા જોઈએ. આ નિવેદનમાં તેમનો ઈશારો કદાચ રાજયની અગ્રણી સંસ્થા મહાત્મા ગાંધી યુનીવરસીટી તરફ હતો.મહાત્મા અય્યંકાલી કેરળના સૌથી મોટા દલિત નેતા માનવામાં આવે છે.રોયે મહાત્મા ગાંધીના વર્ષ ૧૯૩૬ના લેખ આર્દશ ભંગી ને ટાંકતા જણાવ્યું કે ગાંધીજી તેમાં મેલુ ઉપાડનારાં લોકોને સલાહ આપતા હતા કે તેમણે મળમુત્રનો ઉપયોગ કરીને ખાતર બનાવવું જોઈએ.આ વાત જ સાબિતી કરે છે કે હરિજન પ્રથાને ચાલુ રાખવામાં મદદ કરી હતી. અરુધતી રોયે પોતાની વાતના સમર્થનમાં જણાવ્યું કે ગાંધીજી જ્યારે આફ્રીકામાં હતા ત્યારે કાળા કેદીઓને કાફિર ગણાવતા હતા. ગાંધીજા આ લોકોને અસભ્ય અને અસત્ય બોલનારા માનતા હતા.

બીજી તરફ સેન્ટર ફોર ગાંધીયન સ્ટડીઝના કોર્ડિનેટર જે.એમ.રહીમે લેખિકાના આક્ષેપોને ફગાવી દીધા હતા.તેમણે ગાધીજીની આત્મકથાના અંશો ટાંકતા જણાવ્યું કે ગાંધીજીએ પોતાના પત્ની કસ્તુરબાને પોતાના મળમુત્ર જાતે સાફ કરવાનું દબાણ કર્યુ હતું.અને ભંગીને તે સાફ કરવાની મનાઈ ફરમાવી હતી.કસ્તુરબાએ તે સાફ કરવાની મનાઈ કરી તો ગાંધીજીએ જાતે તે સાફ કરી નાંખ્યું હતું.ગાંધીજીના સંદર્ભને સમજ્યા વગર તેમના વિશે ગમે તેમ બોલવું તે સંકુચિતતા છે.અરુધતિ રોય ગાંધીજીને યોગ્ય રીતે સમજી શક્યા નથી.આ ઉપરાંત સ્કુલ ઓફ ગાંધીયન થોટ એન્ડ ડેવલપમેન્ટના ડાયરેકટર પ્રોફેસર એમ.એસ.જોને જણાવ્યું હતું કે ગાંધીજી વિશે અનેક લોકો અલગ અલગ માન્યતા ધરાવે છે.ગાંધીજી પહેલીથી જ આવા હતા તે માનવું પણ ભુલ ભરેલું છે.તેઓ અશ્વેત કેદીઓ વિશે જે પણ કહેતા હતા તે તેમના અનુભવોના આધારે હતું.તેઓ જેલમાં રહ્યા હતા અને તેમની સાથેના સંપર્ક બાદ તેમણે કેદીઓ વિશે પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

ગાંધીજી વિશે રજુઆત કરતાં પહેલા હંમેશા એ બાબતનો વિચાર કરવો જોઈએ કે તેમણે તે બાબતને ક્યા સંદર્ભમાં રજુ કરી હતી.તેમને ખોટા પાડવા કે હલકા ચિતરવાનો પ્રયોગ કરવો તે રાષ્ટ્રપિતા જેવી વ્યક્તિનું અપમાન કરવા બરાબર છે. જાહેરમાં તેમના વિશે કોઈપણ બાબત રજુ કરવાની હોય તેના સંદર્ભમાં વિદ્વાન ગણાતી વ્યક્તિઓએ વિચાર તો કરવો જરુરી છે.

લેખિકાએ અરુધતિ રોયે કરેલ આક્ષેપનો હજુ સુધી પ્રતિકાર કરવામાં આવ્યો નથી પરંતુ તેમણે તેનો સામનો કરવાનો રહેશે.


### જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭, ૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



### ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.